## આ અઠવાડિયાની મુનાસેબત

૨૮ સફર/૦૭ સપ્ટેમ્બર : શહાદતે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)

૨૮ સફર/૦૭ સપ્ટેમ્બર : શહાદતે હઝરત ઇમામ હસન(અ.સ.)

# શહાદતે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)

પયગંબર ઈસ્લામ(સ.અ.વ.)ની કોશિશોથી અરબનો જાહેલિયત ભરેલો સમાજ ઘણાં જ ઓછા સમયમાં એક તૌહીદવાળા સમાજમાં બદલાઇ ગયો અને લગભગ અરબના પૂરા ટાપૂના રહેવાસીઓએ આપ(સ.અ.વ.)ની ઝિંદગીમાં જ ઈસ્લામ કબૂલ કર્યો. ત્યારપછીથી આજ સુધી ઈસ્લામની તરક્કી ચાલુ છે.

### ** હઝરત અબુતાલીબ(અ.સ.)ની સરપરસ્તી:*

ધીમે ધીમે મુસલમાનોની સંખ્યા વધતી ગઇ અને કુરૈશના મોટા મોટા લોકોની ઝિંદગીમાં બેચેની પૈદા થવા લાગી. તેઓ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના ચાચા અને હામીઓ સરપરસ્ત હઝરત અબુતાલીબ(અ.સ.)ની પાસે આવ્યા અને તેમને દરખ્વાસ્ત કરી કે પોતાના ભત્રીજાને આ દાવતે તબ્લીગથી રોકી દે. એક દિવસ કુરૈશોએ હઝરત અબુતાલીબ(અ.સ.)ને વિનંતી કરી કે હઝરત મોહમ્મદ(સ.અ.વ.)ને તેમના હવાલે કરી દે કે જેથી તેઓ આપ(સ.અ.વ.)ને કત્લ કરી નાખે અને આપ(સ.અ.વ.)ની બદલે કુરૈશો અમ્મારા ઇબ્ને વલીદ નામના જવાનને હઝરત અબુતાલીબ(અ.સ.)ને આપી દેશે. જે

એક ખુબસુરત અને મુશરિકોની નજરમાં એક અક્કલમંદ જવાન હતો. હઝરત અબુતાલિબ(સ.અ.વ.)એ જવાબ આપ્યો કે “શું હું મારો પુત્ર તમારા હવાલે કરી દઉ કે જેથી તમે તેને મારી નાખો અને તમારા પુત્રની પરવરિશ કરૂં ? તમે આ કેવી વાતો કરો છો ?” હઝરત અબુતાલીબ(અ.સ.)એ પોતાની હયાતી દરમિયાન હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની સંપૂર્ણ રીતે હિફાઝત કરી.

### * પોતાના જાનશીનનો ઝિક્ર :

જ્યારે આપ(સ.અ.વ.) દુનિયાથી જઇ રહ્યા હતા તો મુસલમાનોની હિદાયત માટે પોતાની પછી કુરઆન અને એહલેબૈત(અ.મુ.સ.)નો દામન પકડીને રાખવાની વસિય્યત ફરમાવી. ગદીરના બનાવની સાથે સાથે જુદી જુદી જગ્યાએ પણ ઈમામ અલી(અ.સ.)ને પોતાના જાનશીન તરીકે લોકોની સામે પેશ કર્યા.

### * ચેતવણી :

તેજ તાવ અને અતિશય તકલીફ હોવા છતાં પણ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) હઝરત અલી(અ.સ.) અને ફઝલ ઈબ્ને અબ્બાસનો સહારો લઈને લોકોને નમાઝ પઢાવવા માટે ઘરથી મસ્જિદ તરફ આવ્યા કે જેથી મુનાફિકોના બૂરા ઈરાદાઓને નાકામ બનાવી શકે કે જેઓએ ખિલાફતને ગસ્બ કરવાની કોશિશ કરી હતી. નમાઝ પઢાવ્યા પછી હઝરત

રસૂલેખુદા(સ.અ.વ.) લોકોની તરફ મુતવજ્જેહ થયા અને ફરમાવ્યું "અય લોકો! ફિતનાની આગ ભડકી ઉઠી છે અને તે કાળી રાતના ટૂકડાની જેમ આગળ વધતી આવે છે. મેં તે ચીઝને હલાલ કરાર દીધી છે કે જેને અલ્લાહે હલાલ કરાર દીધી છે અને મેં તે જ ચીઝને હરામ કરાર દીધી છે કે જેને અલ્લાહે હરામ કરાર દીધી છે." આ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) તરફથી એક ચેતવણી હતી કે આ લોકો આપ(સ.અ.વ.)ના હુકમની નાફરમાની ન કરે. જોકે તેઓની નિયતોથી આ વાત માલૂમ હતી કે આ લોકો ઉમ્મતે ઈસ્લામીને મુસીબતોમાં મુબ્તેલા કરશે. ખાસ કરીને જ્યારે જાહિલ લોકો તેના ખલીફા બની જાય.

### * બિમારી સમયે દુઃખદ બનાવ :

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની બિમારીમાં વધારો થયો, સહાબા પણ આપ(સ.અ.વ.)ના ઘરમાં જમા થઈ ગયા. તે લોકોમાં તેઓ પણ શામેલ થઈ ગયા કે જેઓએ લશ્કરે ઓસામાથી બગાવત કરી હતી. આં હઝરત(સ.અ.વ.)એ તેમની ઉપર લાનત કરી તો તેઓએ ખોટી કસમ ખાઈને બહાનું બનાવી લીધું. તે મૌકા પર હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ઉમ્મતને હલાકત અને તબાહીથી બચાવવા માટે બીજી રીતે કોશિશ કરી અને ફરમાવ્યું "મને કાગળ અને પેન આપી દો કે જેથી હું તમારા માટે એક તહેરીર લખી દઉં કે જેનાથી તમે ગુમરાહ ન થાઓ." ત્યારે

હ.ઉમર ઇબ્ને ખત્તાબે કહ્યું ‘‘રસૂલેખુદા ઉપર બિમારીનો ગલ્બો છે અને તમારી પાસે કુરઆન મજીદ છે. અમારી માટે ખુદાની કિતાબ જ કાફી છે.’’ (સહીહ બુખારી)

આ રીતે ઇખ્તેલાફ અને ઝઘડો પેદા થઇ ગયો. પરદાની પાછળથી હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની બીબીઓએ કહ્યું કે ‘‘અલ્લાહના રસૂલ જે માંગી રહ્યા છે તે તેમને આપી દયો.’’ તેના જવાબમાં હ.ઉમરે કહ્યું ‘‘ચુપ થઇ જાઓ. તમારી મિસાલ હઝરત યુસુફની બીબીઓની જેમ છે. જ્યારે તેઓ બિમાર થાય છે તો તમે આંસુ વહાવો છો અને જ્યારે તેઓ તંદુરસ્ત થઇ જાય છે તો તમે તેના સર પર ચઢી જાઓ છો.’’ (કન્ઝુલ આમાલ, જિ.૩, પે.૧૩૮)

પછી હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું કે ‘‘મારી પાસેથી ચાલ્યા જાઓ કારણકે મારી સામે ઝઘડો કરવો ઠીક નથી.’’ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની તે તહેરીરની ઉમ્મતને ખૂબજ જરૂર હતી. આ જ માટે જ્યારે ઇબ્ને અબ્બાસ આ બનાવને યાદ કરી લેતા હતા તો અફસોસની સાથે કહેતા હતા કે ‘‘સૌથી મોટી મુસીબત આ છે કે અલ્લાહના રસૂલને તહેરીર લખવા દેવામાં ન આવી.’’ (સહીહ બુખારી, જિ.૧)

જ્યારે આપ(સ.અ.વ.)ની પાસે સહાબાઓમાં ઇખ્તેલાફ થઇ ગયો તો આપ(સ.અ.વ.)એ તહેરીર લખવા પર જોર ન દીધું અને આ પણ ખૌફ હતો કે આપ(સ.અ.વ.)ની પછી તેમની

સરકશી હજુ વધી જશે તથા તેનો નતીજો આ કરતા પણ વધુ ખતરનાક હશે. હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ તેમની નિયતોને સમજી લીધી હતી. આ માટે જ્યારે સહાબીઓએ કાગળ અને પેનની વાત દોહરાવી તો આપ(સ.અ.વ.)એ કહ્યું "હવે આટલું બધું કર્યા પછી તહેરીર લખવાનો શું ફાયદો છે." (બેહારૂલ અન્વાર, જિ.૨૨)

એટલે કે અગર હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) જબરદસ્તી તહરીર લખી પણ દેતા તો મુનાફિક મુસલમાનો કહેતે કે તહરીર બિમારીની હાલતમાં લખવામાં આવી છે માટે આ તહરીરની કોઇ કદરો કિંમત નથી.

### * જનાબે ફાતેમા(સ.અ.) બાબાની ખિદમતમાં :

ગમથી ભરેલી હાલતમાં જનાબે ફાતેમા(સ.અ.) પોતાના બાબા(સ.અ.વ.)ની ખિદમતમાં આવ્યા અને પરેશાન હાલતમાં પોતાના બાબા(સ.અ.વ.)ની પાસે બેસી ગયા. આંખોમાં આંસુ અને પોતાના બાબા(સ.અ.વ.)ની જુદાઇનો ગમ છે. હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ પોતાની દુખ્તરને નજદિક આવવાનો ઈશારો કર્યો કે જેથી થોડીક વાત કરે. જનાબે ફાતેમા(સ.અ.) જુકીને સાંભળવા લાગ્યા. હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ આપ(સ.અ.)ના કાનમાં કાંઇક કહ્યું તો આપ(સ.અ.) રડવા લાગ્યા. પછી ફરીથી કાનમાં કાંઇક કહ્યું તો આપ(સ.અ.) મુસ્કુરાવા લાગ્યા. લોકોએ આપ(સ.અ.)ને આ બાબતે પૂછ્યું તો આપ(સ.અ.)એ ફરમાવ્યું કે "હું મારા બાબાના રાઝને જાહેર નહિં કરૂં."

જ્યારે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની શહાદત પછી આ જ સવાલને લોકોએ ફરી પૂછ્યો તો આપ(સ.અ.)એ ફરમાવ્યું "મને હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ખબર આપી હતી કે તેમની વફાતનો સમય નજદિક છે અને આ જ બિમારીમાં આપ(સ.અ.) દુનિયાથી રહેલત થઈ જશે. તો આ સાંભળીને હું રડવા લાગી. પછી મને આ ખબર આપી કે તેમના એહલેબૈત(અ.મુ.સ.)માંથી સૌથી પહેલા હું તેમને મળીશ. તો હું મુસ્કુરાવા લાગી."

### * હઝરત રસૂલેખુદા (સ.અ..વ.)ની ઝિંદગીનો આખરી સમય:

હઝરત અલી(અ.સ.) હઝરત રસૂલેખુદા(સ.અ.)ની સાથે એવી જ રીતે રહેતા હતા કે જેવી રીતે એક ઈન્સાનની સાથે તેનો પડછાયો રહે છે. ઝિંદગીના આખરી સમયે પણ આપ(અ.સ.) તેમની સાથે જ હતા. આં હઝરત(સ.અ.વ.) આપ(અ.સ.)ને તાલીમ દેતા, પોતાના રાઝ જણાવતા અને વસીયત કરતા હતા. આખરી સમયમાં હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું "મારા ભાઈને મારી પાસે બોલાવો." હઝરત અલી(અ.સ.)ને હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ક્યાંક કામથી મોકલ્યા હતા, અમુક મુસલમાનો આપ(સ.અ.વ.)ની ખિદમતમાં હાજર થયા પરંતુ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ તેમને કાંઈ એહમીયત ન આપી. અમુક સમય પછી હઝરત અલી(અ.સ.) પણ આવી ગયા તો હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું "મારી નજદિક આવો."

મૌલા અલી(અ.સ.) આપ(સ.અ.વ.)ની નજદિક આવ્યા. તો આં હઝરત(સ.અ.વ.) આપ(અ.સ.)ના સહારાથી બેસી ગયા અને તેમનાથી વાતો કરતા રહ્યા. અહીં સુધી કે આપ(સ.અ.વ.) પર એહતેઝારના આસાર જાહેર થઇ ગયા અને હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ હઝરત અલી(અ.સ.)ની ગોદમાં વફાત પામ્યા. આ વાતને ખુદ હઝરત અલી(અ.સ.)એ પોતાની કિતાબ નહેજુલ બલાગાહમાં ખુત્બા નં.૧૫૭માં ઈરશાદ ફરમાવી છે.

### * હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ને ગુસ્લ અને તદફીન :

પછી હઝરત અલી(અ.સ.)એ ગુસ્લો કફન આપ્યું, નમાઝે જનાઝા પઢી અને કબ્રમાં ઉતારીને કબ્રને બંધ કરી. હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની તદફીન અને નમાઝે જનાઝામાં તે સહાબીઓ શરીક ન થયા જેઓ સકીફા ચાલ્યા ગયા હતા. એટલે કે દુનિયાની મોહબ્બતમાં હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના કફન, દફન અને નમાઝમાં શામેલ ન થયા.

અય અલ્લાહના રસૂલ! આપ(સ.અ.વ.) પર સલામ થાય. જે દિવસે આપ(સ.અ.વ.) પેદા થયા, જે દિવસે વફાત પામ્યા અને જે દિવસે જિવીત ઉઠાડવામાં આવશો. અસ્સલામો અલય્ક યા રસૂલલ્લાહ, અસ્સલામો અલય્ક યા ખાતેમે નબીય્યીન, અસ્સલામો અલય્ક યા હબીબલ્લાહ વ રહમતુલ્લાહ વ બરકાતોહ.